સરકારી કુમાર છાત્રાલય, મુ.તા.બાયડ, જિ.સાબરકાંઠાના મકાન બાંધકામને સુધારેલ અંદાજોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસકછ/૧૦૧૩/ન.બા.૧/ગ
સચિવાલય, ગાંધીનગર.

**તારીખઃ ૨૪/૮/૨૦૧૫**

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૧-૭-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ સકછ- ૧૦૧૩-ન.બા. ૧- ગ

(૨) માર્ગ અને મકાન વિભાગના તા.૨૧-૭-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ બીઇડી- ૪૪-૨૦૧૪- ૩૯૫૦- ગ

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિના લોકોમાં શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ પૈકી અનુસૂચિત જાતિના ધો.૧૧ થી ઉપરના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે રહેવાની અને જમવાની સુવિધા આપવા માટે સરકારી કુમાર છાત્રાલયોની યોજના ચલાવવામાં આવે છે. આ યોજનામાં અનુસૂચિત જાતિના છાત્રાઓ માટે સારા મકાન અને પુરતા વિજળી પાણીની સગવડ મળી રહે તે માટેની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ બાયડ, જિ.સાબરકાંઠા ખાતે સરકારી કુમાર છાત્રાલયના બાંધકામ માટે વંચાણે લીધા ક્રમ-૧ મુજબ તા.૩૧-૭-૨૦૧૪ ના ઠરાવથી ખર્ચ કરવાની વર્ષ ૨૦૧૪-૧૫ ના નાણાકીય વર્ષમાં રૂ.૧૫૦.૦૦ લાખ ની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ માર્ગ અને મકાન વિભાગના વંચાણે લીધા ક્રમ-૨ મુજબ તા.૨૧-૭-૨૦૧૫ ના પત્રથી સુધારેલ અંદાજોની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાને અંતે માર્ગ અને મકાન વિભાગના વંચાણે લીધા ક્રમ-૨ મુજબ સરકારી કુમાર છાત્રાલય, મુ.તા.બાયડ, જિ.સાબરકાંઠા ના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા તૈયાર કરેલ રૂ.૩,૭૩,૯૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ કરોડ તોંતેર લાખ નેવું હજાર પુરા) ના સુધારેલ અંદાજોને નીચેની શરતોને આધીન આથી સુધારેલી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૭) રજુ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૮) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદજ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૯) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૨) સૂચિત કામો NAREGA હેઠળ લેવાના થતા હોય તો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજૂરો દ્વારા જ લેવામાં આવે તેની અચૂક તકેદારી રાખવાની રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૪૨૨૫- પેટા મુખ્ય સદરઃ ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૦૨)બીસીકે-૨૫ – અનુસૂચિત જાતિ પેટા યોજના સરકારી છાત્રાલયનુ મકાન બાંધકામ (પ્લાન) અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૩૦-૭-૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.સી.શાહ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન જિ.સાબરકાંઠા
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.સાબરકાંઠા
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.સાબરકાંઠા
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, સાબરકાંઠા
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.